# તારું વજન, તું જ ઉઠાવ!

પશ્ચિમ બંગાળના હુગલી નદીના કાંઠે 24 પરગણા જિલ્લાના શ્રીપાલ બારિયા ગામમાં સંગતદાસે તેના ગુરુ બિરસાદાસને યાદ કરી એક વાત કહી.

બહુ ભાવપૂર્વક તેમણે કહ્યું, ‘મારી બાઉલ તત્ત્વની સાધના અડધે પહોંચી હશે, ત્યારે એક દિવસ મારા ગુરુએ મને ચકાસવાનું વિચાર્યું. ત્યારે તો મને તે ખબર નહોતી પડી કે આ પરીક્ષા છે! હું તો આશ્રમનું રોજિંદું કામ છે, તેમ જ માનતો હતો. આમ પણ અમારા બાઉલ ગુરુઓ પરીક્ષા માટે કોઈ વિશેષ આયોજન કરતા નથી. તેમનું સૂત્ર છે, ‘જીબન માને પ્રોતિખન, પોરિખન!’ (જીવન એટલે પ્રતીક્ષણ, પરીક્ષણ!)

એક દિવસે હુગલીના સામે કાંઠે, ગુરુ મને સાથે લઈ, લટાર મારવા ગયા. એક સ્થાને છીછરા પટમાંથી હુગલીને કમરપુર પાણીમાંથી પસાર કરી. સામે કાંઠે રહેલ એક વીરડી પાસે ગયા. તેનું પાણી ચાખ્યું. પછી બોલ્યા, ‘સંગત! આ વીરડીનું પાણી તો ખૂબ મીઠું છે. આ પાણી મને પીવામાં સારું લાગે છે, કાલથી આ પાણીનો ઘડો ભરી અને આપણા આશ્રમમાં પીવા માટે લાવવાનું રાખજે!’ મેં મૌન રહી હા કહી. ગુરુએ બીજે દિવસે માટીનો એક મોટો ઘડો આપ્યો. હું તે ઘડો લઈ અને વીરડી પાસે ગયો. ત્યાં ઘડો ભર્યો તો જોયું કે ઘડામાં તો છેદ હતો, પાણી ‘ભક ભક’ નીકળવા લાગ્યું! આમ ને આમ સામે કાંઠે લઈ જાઓ તો ત્યાં તો ઘડો ખાલી થઈ જાય! મેં વિચાર કર્યો કે શું ઉપાય કરવો? અંતે ઉપાય તરીકે મેં છિદ્રમાં કપડાનો એક ડૂચો લગાવ્યો, પાણી

રોકાઈ ગયું.

આ છિદ્રનો પ્રશ્ન તો ઉકલી ગયો, ત્યાં બીજો પ્રશ્ન શરૂ થયો! ભરેલ ઘડો ખૂબ મોટો અને વજનવાળો હતો! ભરાઈ ગયા પછી તેને હું ઉપાડી શકું તેમ ન હતો. કારણ કે મારી ઉંમર ત્યારે 12 વર્ષની હતી. આ વાવના પાણીને આશ્રમ સુધી કઈ રીતે લઈ જવું, એ ચિંતામાં હું વાવના કાંઠા પર બે-ત્રણ કલાક બેસી રહ્યો. વિચારતો રહ્યો કે તૂટેલા ઘડાના છિદ્રમાં ડૂચો લગાવી, ગળતું પાણી તો રોક્યું પણ આ ભારેખમ વજનનું શું કરવું તેને કેમ વેંઢારવો? તે વિચારતાં-વિચારતાં ગુરુનું સ્મરણ કરવા લાગ્યો

થોડી વાર પછી મને અંદરથી પ્રેરણા થઈ, 'તોમાર ઓજન તુમિ એટા તુલે' (તારું વજન, તું જ ઉઠાવ) તે 'જદુ બિંદુ બાઉલ'નું સાંભળેલું બાઉલ ગીત યાદ આવી ગયું! થયું મારે ઘડો કે પાણીનો ભાર શા માટે ઊંચકવો જોઈએ? આ તો હુગલીનું પાણી છે, તો તે જ ઊંચકશે!

મેં છિદ્રમાં ડૂચો દીધેલો, જળથી છલોછલ ભરેલ મોટા ઘડાને, માંડમાંડ ઊંચકી, હુબલીના કાંઠા પર લાવી, છાતી સરસા પાણીમાં ડુબાડેલો જ રાખી, લઈ જવાનો નુસખો કર્યો! પાણીમાં ડૂબેલા ઘડાનો જરા પણ ભાર લાગતો નહોતો, સહેજ ધક્કો લગાવો કે તરત તે આગળ જતો હતો. બસ, તે ઘડો નદીમાં ડૂબી ન જાય અને નદીનું પાણી તેમાં ઘૂસી ન જાય તેનું જ ધ્યાન રાખવાનું હતું.

આ રીતે હું સામે કાંઠે કે જ્યાં મારો આશ્રમ હતો ત્યાં પહોંચવા પ્રયત્ન કરતો હતો, જેવો હું કાંઠે પહોંચ્યો તો કાંઠા પર મારા ગુરુ બિરસાદાસ હસતાં-હસતાં ઊભા હતા! નદીમાંથી મને અને ઘડાને પ્રેમથી ઊંચકી લઈ ને ગુરુ બોલ્યા, 'વાહ ખોકા! આખરે તું વીરડીનું પાણી લાવ્યો ખરો!'

પછી ગુરુ આગળ બોલ્યા, 'જો બેટા! સામા કાંઠાનું મીઠું જળ તે મનેર માનુષ! આપણા અસ્તિત્વમાં ઘણાં છિદ્રો – કામ, ક્રોધ, મદ, મોહ, આદિ –મનેર માનુષની કૃપાને તે છિદ્રો સતત વહાવી

નાખે! તેને રોકવા આ સાધનાના ડૂચા સતત મારતા રહેવા પડે! કેવા ડૂચા? સાધક, સિદ્ધ, મહાન ગાયક, મહાન વાદક, બાઉલ બાદશાહ, વગેરે! મનેર માનુષ તો દયાળુ છે તે બે ઘડી અંદર રોકાય પણ જાય છે, પણ જ્યારે તે રોકાયા હોય ત્યારે ઘડાનું વજન વધી જાય! તે અહંકારનું વજન અસ્તિત્વ ન ઉપાડી શકે!

આ મનેર માનુષની કૃપા ભરેલ ઘટને તો ઘર લગી લઈ જવાનો એક જ ઉપાય : 'જલ મધ્ધે કુંભ; કુંભ મધ્ધે જલ!' (ઘડામાં પાણી અને પાણીમાં ઘડો) તેને માથા પર વેંઢારીને લઈ જનાર સામે કાંઠે ન પહોંચે!

અન્ય કોઈ તે પરમ કૃપાના ઘટને નિહાળે નહીં, તે રીતે આ અફાટ પ્રેમના વહેતા જળમાં, આપણો મનેર માનુષનો પ્રેમ ભરેલ ઘટ ડુબાડેલો રાખી, જે રીતે મા હીંચકામાં બાળકને સુવડાવતી હોય તેવી નાજુક રીતે, તેને ધકેલતાં-ધકેલતાં સામે કાંઠે પહોંચવાનું છે! મને આનંદ છે કે તને આ કીમિયો આવડી ગયો.

# પાંચમાંથી શૂન્ય તરફ...

પશ્ચિમ બંગાળના હુગલી નદીના કાંઠે, 24 પરગણા જિલ્લાના, રાજારામપુર ગામના સીમાડે, ખેમાદાસ બાઉલના આશ્રમે, અમે બેઠા હતા, ત્યારે તેમણે બાઉલ સાધના વિશે ખૂબ જ રસપ્રદ ચર્ચા કરી.

બાઉલ ખેમાદાસ બોલ્યા, 'તમારી ભણતર-ગણતરની શિક્ષા છે, તેમાં બાળકને શૂન્યથી શરૂ કરી અને હજારો, લાખો, અનંત અંક સુધીની ગણતરી શીખવવામાં આવે. પછી તે બાળક મોટો થાય ત્યારે, તેની નજર હંમેશાં શૂન્યથી અનંત સુધી કઈ રીતે પહોંચી શકાય? તેના ઉપર જ રહે. તે સદાય શૂન્યને તોડી અને અનંત રૂપિયા-જણસ બનાવવામાં જીવનભર રચ્યોપચ્યો રહે.

અમારી બાઉલની શિક્ષા જરા જુદી હોય છે. તેને અંકગણના તો આવડતી હોતી નથી. બસ, હાથની પાંચ આંગળીમાં તેની ગણતરી પૂરી થઈ જાય! પાંચ, તે તેનો છેલ્લો આંક! તે તેના માટે અનંત! પણ તે અનંતને પણ અંત તરફ લઈ જવાની 'વિપરીત રીત' તે જ અમારી સાધના!

અમે પૂછ્યું , 'ખેમા! જરા વિસ્તારથી સમજાવશો?'

તે બોલ્યા, 'બંને હાથમાં પાંચ પાંચ આંગળીઓ લઈ અને બાઉલતત્ત્વ જાણવા આવનાર શિષ્યને સૌપ્રથમ અમે પાંચે આંગળીઓનું શારીરિક કૌશલ્ય શીખવીએ!'

અમે પૂછ્યું, 'કઈ રીતે?'

તે બોલ્યા, 'આશ્રમના દૈનિક કાર્ય દ્વારા, બાગાયત દ્વારા, રસોઈ દ્વારા, આશ્રમ માટે જલવહન દ્વારા, આવનાર મુલાકાતીઓની સેવા દ્વારા, તેની પાંચે આંગળીઓ તેના મનના પૂરેપૂરા કાબૂમાં રહે છે કે નહીં તે જોઈએ, તે આંગળીઓ મનના કાબૂમાં ન આવી જાય, ત્યાં સુધી આ પાંચ આંગળીની સાધનાનો ગાળો સતત લંબાતો રહે!'

અમે પૂછ્યું, 'પછી?'

તે બોલ્યા, 'પછી એક આંગળી ઓછી! એટલે કે ચાર આંગળીની સાધનાનો ગાળો આવે!'

અમે પૂછ્યું, 'એટલે?'

તે બોલ્યા, 'તે પછી તેને સંગીત શીખવવાનું શરૂ થાય, તેમાં સૌપ્રથમ તાલવાદ્ય, ડગ્ગા શીખવવામાં આવે! ડગ્ગામાં ચાર આંગળીઓની જ જરૂર પડે, અંગૂઠાની નહીં! મનુષ્યના અંગૂઠાને એક અભિમાન હતું કે મારા વગર જગતનું કોઈ કામ ન થાય, તેના અહંકારને તોડવા માટે તો આ તાલવાદ્ય ડગ્ગા બન્યું છે! આ રીતે ચાર આંગળીની સાધનાની સાથોસાથ અંગૂઠાનું અને સાધકના અહંકારનું પણ છેદન થાય છે!'

અમે પૂછ્યું, 'પછી?'

ખેમાદાસ બોલ્યા, 'તે પછી તાલબદ્ધ થયેલ સાધકને વધુ ત્રણ આંગળીનો છેદ ઉડાડી, પાછળ વધેલી એક જ આંગળી પર લઈ જઈએ!'

અમે પૂછ્યું, 'એ કઈ રીતે?'

તે બોલ્યા, 'ગોપીયંત્રના તારની સાધના! ગોપીયંત્રમાં સાધકે ફક્ત એક જ આંગળી દ્વારા તારને અને તે દ્વારા સૂરને સાધવાના હોય! તેમાં અન્ય ત્રણ આંગળી અને અંગૂઠો સહાયક નથી રહેતાં.'

અમે પૂછ્યું, 'પછી શૂન્ય સુધી કઈ રીતે જાઓ?'

તે બોલ્યા, 'આ રીતે તાલબદ્ધ અને સુરીલા થયેલ સાધકને પછી શૂન્ય સાધવા માટે મનના પ્રદેશમાં, પોતાની મરજીથી મનેર

માનુષને શોધવાના સ્વૈરવિહારમાં છોડી દઈએ! યાત્રાનો સૌથી વિકટ પડાવ એટલે એક આંગળીથી શૂન્ય સુધીની આ પ્રદેશની યાત્રા! જે સાધકે પોતાની રીતે જ પસાર કરવો પડે!'

અમે પાંચથી શૂન્યની આ ઊતરતી ભાંજણીને વિસ્મયથી નિહાળી રહ્યા!